**મે. સુરતના ૧૨ મા (એડ-હોક) અધિક જ્યુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં.**

ફોજદારી કેસ નં 24814/2018
આંકઃ-

ફરીયાદી- સરકાર

વિરુદ્ધ

આરોપી-

ગુનો- ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫ એએ મુજબ.

**-હુકમ-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક- ૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ-૬૫(એઇ)મુજબના શિક્ષા પાત્ર ગુનો કરેલ છે.સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં, આરોપી હાજર થતાં તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની ચાર્જ/પ્લી વાંચી,સંભળાવી, સમજાવતાં, આરોપીઓએ ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી, સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

(૨) હાલના કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ જોતા ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ના નવા સુધારા ( ગુજરાત ઓર્ડીનન્સ નં. ૭/૨૦૧૬,તાં. ૧૯ ડિસેમ્બર,૨૦૧૬) અન્વયે સુધારેલી કલમ-૬૫(ઈ) મુજબનો ગુનો દાખલ થયેલ છે. સદરહુ કલમની જોગવાઇ ધ્યાને લેતાં નીચે મુજબ દર્શાવેલ છે.

કલમ-૬૫- કેફી પદાર્થ અથવા ભંગ-ગાંજાના ગેરકાયદેસર આયાત વગેરે માટે શિક્ષાઃ

જે કોઇ વ્યકિત આ અધિનિયમની જોગવાઇઓનું કે તેની બે બનાવેલ નિયમો, નિયમનો અને હુકમો અથવા તે નિચે અપાયેલ લાઇસન્સ, પરમીટ, પાસ અથવા અધિકારપત્રની ભંગ કરીઃ

ઈ. (અફિણ સિવાયનો બીજો) કેફી પદાર્થ અથવા ભાંગ-ગાંજો (કબજામાં રાખે, હેરફેર કરે, વેચે અથવા ખરીદે), અથવા

તેને દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, કેદ જે દસ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ, જે રૂ. પાંચ લાખ સુધિ લંબાવી શકાશે તે સજા થશે.

એવી જોગવાઇ કરવામાં આવે છે કે, ન્યાયાલયે ચુકાદામાં વિરૂધ્ધના વિશિષ્ટ અને પુરતાં

કારણો જણાવવાના અભાવે-

(૧) પ્રથમ ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતાં ઓછી ન હોવી જોઇએ અને દંડ એક લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જેઇએ.
(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતાં ઓછી ન હોવી જોઇએ અને દંડ બે લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઇએ.
(૩) ત્રીજા અને ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતાં ઓછી નહોવી જોઇએ અને આવો દંડ પાંચ લાખ રૂપીયા કરતા ઓછો ન હોવો જોઇએ.

હાલના કેસમાં આરોપી વિરૂધ્ધનું તહોમત જોતાં રૂ. /- રૂપિયાના પ્રોહીબીશન મુદ્દામાલ સાથે આરોપી પકડાયેલ છે. જેથી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમત જોતાં આરોપી પાસેથી મળી આવેલ જથ્થો ઓછી માત્રાનો (lesser quantity of intoxicant) જણાય છે, જે સબબ તાજેતરમા સરકારશ્રી દ્વારા કલમ-૬૫એએ માટે જથ્થાની મર્યાદા ૨૦ લિટર સુધીની જાહેર કરેલ છે. જેથી પ્રોહીબીશન કાયદાની કલમ-૬૫એએ ઘ્યાને લેતાં નીચે મુજબ દર્શાવેલ છે.

કલમ-૬૫એએ- ઓછી માત્રામાં કેફી પદાર્થ કબજામાં રાખવા વગેરે માટે શિક્ષાઃ

કલમો-૬૫ અને ૬૬ માં ગમે તે મજકુર હોય તે છતાં, જે કોઇ વ્યકિત, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાંથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં કોઇ કેફી પદાર્થ વેચે, ખરીદે,કબજામાં રાખે અથવા હેરફેર કરે, તેને દોષિત ઠર્યે આવા દરેક ગુના માટે કેદ જે ત્રણ વર્ષની મુદ્દત સુધી લંબાવી શકાશે અને દંડની સજા પણ થશે.

(૩) હાલના કામે તપાસ સંસ્થા દ્વારા પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઇ) મુજબનું ચાર્જશીટ કરેલ છે, પરંતુ ફરિયાદીની હકીકત તથા આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબીશન મુદ્દામાલના જથ્થાનું પ્રમાણ જોતાં, અલ્પ માત્રાનો જથ્થો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવેલ છે. જેથી હાલના આરોપી વિરૂધ્ધ કલમ-૬૫ એએ અન્વયે તહોમતનામું ઘડવામાં આવેલ છે.

હાલના કામે રેકર્ડ જોતા હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઇપણ પ્રકારની ધાક, ધમકી,દાબ-દબાણ વગર ગુનાની કબુલાત કરેલાની રજુઆત કરેલ છે. જેથી આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહિ માનવાને કોઇ કારણ જણાતું નથી. હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક રીતે ગુનાની કબુલાત કરે છે. વધુમા આરોપીની રજુઆત છે કે, તે ગરીબ વર્ગના છે, તેમજ કુટુંબમાં એકજ કમાનાર વ્યકિત છે. આરોપી ફરીવાર આવો ગુનો નહિ કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે. અને આરોપીએ સ્વૈચ્છિક કબુલાત કરેલ છે.

(૪) આમ, હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઇઓ ઘ્યાને લેતાં આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબીશન મુદ્દામાલ ઓછી માત્રાનો હોવાનું પ્રથમ દર્શનીય જણાય આવે છે અને આરોપી ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોઇ તેને તકસીરવાન ઠરાવવામા આવે છે. આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરતી વખતે તેની સામેના ગુનાનુ તહોમત, સજાની જોગવાઇ, આરોપીએ કાચા કામના કેદી તરીકે વીતાવેલ સમય, તેની વર્તમાન સ્થિતી વગેરે બાબતો ઘ્યાને લેવી જરુરી લાગે છે. આ તબક્કે નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર.૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને ઘ્યાને લેવો જરુરી જણાય છે. જેમા આરોપીને યોગ્ય કેસોમા નિયત કરેલ સજા કરતા ઓછી

સજા પણ કરી શકાય તેવુ ઠરાવવામા આવેલ છે. જેથી નામદાર જગુજરાત હાઇકોર્ટના સદર ચુકાદાને તથા આ કામે આરોપીની કબુલાત તથા ગુનાના સંજોગો, આરોપીની સ્થિતી ધ્યાને લેતાં તથા સુધારણાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment)ના સિધ્ધાંતને ધ્યાને રાખતા આરોપીને ન્યુનતમ કે મહત્તમ સજા નહિ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું હોઇ, આરોપીને હાલના ગુનામાં ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-આખરી હુકમ-**

- આરોપી ને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫એએ હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને રુ500/– ( અંકે રૂપીયા Five hundred પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૩૭(એ) હેઠળ છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ મી માહે જુલાઇ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૭/૨૦૧૯
સુરત.

**(હર્ષદભાઇ શનાભાઇ ચાવડા)**
**૧૨મા (એડ-હોક) એડી.જ્યુડીશીયલ**
**મેજિસ્ટ્રેટ ફર્સ્ટકલાસ,સુરત.**
**યુનિક આઇ.ડી.કોડ નં.જીજે૦૧૫૩૪**